**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧) ફરીયાદપક્ષનાં કેસની તપાસ કરનાર અમદલારે તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબૂલાત કરેલ તેમજ આંક–૦૫ થી અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાંઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતાં અને વાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબૂલ કરતાં હોઈ, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૩) આરોપી સામે પ્રોહી.એકટની કલમ– ૬૬(૧)(બી) મુજબનાં ગુન્હાનુ તહોમત છે તેમજ આરોપીની આંક–૦૫ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની/મોટી ઉંમરનો, ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળબચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તથા કુટુંબનાં સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં તેમને ઓછામાંઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનું છું.

(૪) **<u>નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્રજી ઠાકોરનાં</u>** કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતાં અને વાજબી કારણો હોઈ તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાંઓછી સજા અને દંડ કરવાની સતા છે અને સદરહું ચુકાદાનાં પાના નં.૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલ છે, તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીનાં કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતાં પણ ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને સજા અંગે વિધ્વાન એ.પી.પી.શ્રી. તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે પ્રોહી.એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–,અંકે રૂા.સો પુરા દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૦/૦૯/૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સાંભળાવી જાહેર કર્યો.

તારીખ ::–૨૦/૦૯/૨૦૨૧
સ્થળ ::– પારડી.

(વિપુલ અમૃતલાલ ઠકકર)
અધિક જયુડી.મેજી.ફ.ક.,
પારડી.
જીજે૦૧૪૫૫